શ્રી જલારામ મંદિર - શિકાગો દ્વારા પ્રકાશિત

# જલારામ દર્પણ

૪૨૫, ઈલીનોઈઝ બુલેવર્ડ, હોફમેન એસ્ટેટ્સ, ઈલીનોઈસ - ૬૦૧૬૯
Phone : (847) 490 JALA(5252) Fax : 847 519 2215

ઑગષ્ટ - ૨૦૨૧ | વર્ષ - ૧૧ | અંક - ૪૩

## :Program:

**Janmashtami**
Monday, Aug 30,
Time:9:30PM

**Ganesh Utsav & Ganesh Vishrjan**
Friday, Sept. 10
to Sept. 24
Time: 9:00am Aarti
6:30pm Puja / Aarti

**Pitru Tarpan**
Sunday, Oct. 3

**Navratri Start**
Thursday, Oct. 7
Time: 8:0PM

**Mataji Havan**
Wednesday, Oct. 13
Time: 4:30PM

**Navratri Dasera**
Thrusday, Oct. 14

## *President's Massage*

જય જલારામ,

રાજેન્દ્ર ઠક્કરના સર્વેને જય જલારામ અને સાદર પ્રણામ.

સૌ પ્રથમ હું આપને આનંદના સમાચાર આપું છું. પૂજ્ય શ્રી જલારામબાપાની અસીમ કૃપાથી આપણું શ્રી જલારામ મંદિર હવે દરરોજ સવારે 7 થી 12:30 અને બપોરે 3:30 થી 8:00 વાગ્યા સુધી દર્શન માટે ખુલ્લું રહેશેઅને વધુ આનંદના સમાચાર કે 1લી જુલાઈથી દર ગુરુવારે પૂજ્ય શ્રી જલારામબાપાની આશીષરુપે ખીચડીનો પ્રસાદ (TO-GO) પણ આપવામાં આવે છે. તો દર્શન અને પ્રસાદનો લાભ લેવા સૌને વિનંતી છે.

COVID-19ની પરિસ્થિતિ અને સરકારી નિયમો/નિયંત્રણોને ધ્યાનમાં લઇ આપણે રામધૂન બે કલાક માટે પ્રતીકરૂપે કરી અને રામનવમીનો ઉત્સવ પણ મર્યાદિત યજમાનની હાજરીમાં ઉજવેલ; તેમજ શ્રી હનુમાન ચાલીસાના 101 પાઠને બદલે 21 પાઠ કરી શ્રી હનુમાન જન્મદિનની ઉજવણી કરેલ હતી.

મે મહિનામાં રાખેલ બ્લડ ડોનેશન કાર્યક્રમ પણ વધુ ભક્તો લાભ લઇ શકે તે માટે તેની તારીખ બદલીને ઑગષ્ટની 7 તારીખે રાખવામાં આવેલ હતો જેમાં ૪૬ જણાએ બ્લડ ડોનટ કર્યું તો મંદિર તેમનો આભાર મને છે.

આપણા વતન દેશ ભારતમાં Coronaના 2nd Waveને લઈને ઘણા બધા નાગરિકો પ્રભાવિત થયેલા અને તેમની મદદ માટે ઘણી બધી સામાજિક, ધાર્મિક સંસ્થાઓએ દાન એકત્રિત કરી મદદ મોકલેલ; આવા કોઈપણ ભગીરથ ઉમદા કાર્યમાં આપણું શ્રી જલારામ મંદિર કદી પણ પાછળ ના રહે; અને શ્રી જલારામ મંદિરે $ 11,000ની રકમ મદદ માટે તાત્કાલિક ભારત મોકલી વતનઋણ અદા કરેલ અને આ ઉમદા કાર્યમાં આપને પણ સહભાગી થવું હોય તો મંદિરની ઓફિસનો સંપર્ક કરવા વિનંતી છે.

સત્યનારાયણ ભગવાનની સમૂહ કથા પણ આપણે 13મી જૂનના દિવસે 18 યજમાનથી સંપન્ન કરેલ. પિતાનું ઋણ ઉતારવું આપણા માટે અશક્ય હોય છે પરંતુ તેમની આપણા માટેની ભાવના/પ્રેમ હોય છે તેની કદરરૂપે આ દેશમાં Father's Day ઉજવાય છે; જે આ વર્ષે 20મી જૂનના દિવસે ઉજવવામાં આવેલ.

"पिता धर्म: पिता स्वर्ग:, पिताही परम तप: पिताही प्रीतिमापन्ते सर्वा: प्रियंति देवता: ||

દર વર્ષની જેમ શ્રી જલારામ મંદિરે 4થી જુલાઇના દિવસે સવારે 9 વાગે ધ્વજવંદન કરી દેશની આઝાદીને સલામ આપી જેમાં ઘણા ભક્તોએ લાભ લીધો.

મંદિર નો  5મો પાટોત્સવ 10 જુલાઈ ના રોજ ખુબ જે આનંદ અને ભક્તિભાવ થી સંપન થયો. પૂજા આયોજન ખુબ જ સુન્દર હતું  અને બાધા યજમાન એને  ભક્તજનોએ  તેનો લાભ લિધો. તમામ યજમાન  શ્રી નો મંદિર આભાર માને છે.

આગામી માસમાં આપણા વતન દેશ ભારતનો ૭૫મો આઝાદ દિન આવે છે, તો ધવજવંદનમાં પધારવા હાર્દિક આમંત્રણ છે.

આંતરરાષ્ટ્રીય મુસાફરીના નિયંત્રણોને લીધે, કથાકાર પૂ. શ્રી રમણીકભાઇ દવે દ્વારા શ્રી રામકથાનું આયોજન કરેલ પરંતુ તે કાર્યક્રમ હાલ પૂરતો મુલત્વી રાખવામાં આવેલ છે તેનું દુઃખ છે. જયારે નવી તારીખ નક્કી કરવામાં આવશે ત્યારે ફરીથી જણાવવામાં આવશે.

શ્રી જલારામબાપાની અસીમ કૃપા આપ સર્વ પર કાયમ બની રહે અને આપનું સ્વાસ્થ સારું રહે તેવી પ્રાર્થના.



આભાર સહ, જય જલારામ

**રાજેન્દ્ર ઠક્કર,**

પ્રમુખ - શ્રી જલારામ મંદિર

# ॥ <u>ચાલ, તને મારો ભગવાન બતાવું!</u> ॥

**સંકલન: પૂજ્ય ધર્મેન્દ્રભાઈ પંડયા**

ઈશ્વરમાં સહેજે શ્રધ્ધા ન ધરાવતો એક નાસ્તિક ગુસ્સાભેર રમણ મહર્ષિ તરફ ધસી આવ્યો અને બોલ્યો, "અરે! છોડો આ બધા ગોરખધંધા. ગામડાના ભોળા લોકોને ભગવાન ને નામે છેતરવાનું બંધ કરો. તમારા આ ઢોંગ-ધતિંગ નહીં ચાલે." રમણ મહર્ષિ શાંત રહ્યા. એમના ચહેરાની એકેય રેખા બદલાઈ નહીં. એટલે આવનાર ભાઈ વધુ ગુસ્સે થયા અને કહ્યું, "અરે દંભી માનવી! તમારા દંભનો અચંબો ખુલી ગયો છે. છોડો આ દંભ. જુઓ, લોકોને ભરમાવવાનું રહેવા દો. એવા ગપગોળા હાંકશો નહિ કે તમે દરરોજ ત્રણ કલાક ભગવાન સાથે વાતો કરો છો."

રમણ મહર્ષિ મૌન રહ્યા. પેલા ભાઈએ ઉશ્કેરાઈને કહ્યું, "જરા બતાવો તો ખરા તમારા ભગવાનને." રમણ મહર્ષિ શાંત ચિત્તથી પેલા આવનાર ભાઈને કહ્યું, "ભાઈ, કાલે સવારે આવજે. હું તને ઈશ્વરનો સાક્ષાત્કાર કરાવીશ." બીજા દિવસે પેલો માનવી ઉત્સાહ સાથે આવ્યો. એને હતું કે આજે રમણ મહર્ષિનો ઢોંગ ખુલ્લો પડી જશે અને એમનો પ્રપંચ જગતને જાહેર કરવાની સુવર્ણ તક સાંપડશે.

રમણ મહર્ષિએ એને એમની સાથે આવવાનું કહ્યું. બંને ગાઢ જંગલમાં ગયા. ગીચ વનની વચ્ચે આવેલી એક ભાંગી-તૂટી ઝૂંપડીમાં મહર્ષિ ગયા. પેલો માનવી ઝૂંપડીના એક ખૂણામાં ઉભો રહ્યો. એ ઝૂંપડીના એક અંધારિયા ખૂણામાં ભાંગ્યા-તૂટ્યા ખાટલા પર રક્તપિત્તનું દર્દ ધરાવતા પતિ-પત્નિ સુતા હતા. તેઓ તદ્દન લાચાર અને નિરાધાર અવસ્થામાં હતા. રમણ મહર્ષિએ એમના શરીર પરના

પસ-પરુ સાફ કર્યા. એમના ઘા ઉપર પાટા બાંધ્યા. માલીશ કરી અને પછી પ્રેમથી કપડાં પહેરાવ્યા.

પેલો નાસ્તિક તો આ બધું જોઈ રહ્યો. ઝૂંપડીમાં એટલી બધી દુર્ગંધ હતી કે એ તો મુખ પર રૂમાલ રાખીને માંડ -માંડ ઉભો રહી શક્યો. રમણ મહર્ષિ નિરાંતે પ્રેમથી શુશ્રુષા કરતા હતા અને પેલા વૃદ્ધ દંપતિની એક એક બાબતની સાર સંભાળ લેતા હતા. આ બધું કરતા ત્રણેક કલાક લાગ્યા. ખૂણામાં ઉભેલા નાસ્તિકને કહ્યું, "જુઓ, આ છે મારા ભગવાન." પેલો માનવી એમના પગમાં પાડીને માફી માંગવા લાગ્યો.

ધર્મનું એક અભિન્ન અંગ છે સેવા. સેવાનો વિરોધ કરતો ધર્મ એ અધર્મ જ કહેવાય. જે ધર્મ ગરીબોથી વિમુખ બને છે એ ધર્મ આડંબર અને દંભમાં ખપી જાય છે. જે ધાર્મિક પુરુષના હૃદયમાંથી કરુણા ચાલી જાય છે તેની ધર્મ આરાધના શુષ્ક અને જડ બની જાય છે.

**સત્યમ્ શિવમ્ સુન્દરમ્.**



## ॥ ૐ ઐં હ્રીં શ્રીં ક્લીં આશાપૂરાય નમઃ ॥

**સંકલન - રજનીકાંત મોદી**

**શ્રી આશાપૂરા કો યાદ કરે જબ કોઈ, કઠિન સંકટ સે દૂર હોઈ ।**
**શ્રી માતા સ્મરણ કરે જો કોઈ, ટેબ પૂરાં પલમેં આશ હોઈ ॥**

ઘણા સમય પહેલાની આ વાત છે. એક ગામમાં કોઈ એક પરિવાર રહેતું હતું. તેમાં માં-બાપ, ત્રણ દીકરી અને બે દીકરા એમ કુલ સાત સભ્યો હતા, સૌથી પ્રથમ દીકરો ત્યારબાદ ત્રણ દીકરી અને છેલ્લે એક નાનો દીકરો. સમય જતાં બાળકો મોટા થતા ગયા. મોટાભાઈના, સારા ઘરમાંથી માંગા આવવા લાગ્યા અને સાવિત્રી નામની કન્યા સાથે લગ્ન પણ થઈ ગયા.

સાવિત્રી ધનવાન પરિવારની એકની એક દીકરી હતી. તે જાણે સાક્ષાત લક્ષ્મીનો અવતાર. તેના સાસરે જતાં તેના પિતાને ધંધામાં ખુબ મોટી ખોટ આવી. દાનવીર તરીકે અનેકને મદદ કરનારને લેણદારોના કડવા વચનો સાંભળવા મળ્યા. પ્રમાણિક એવા સાવિત્રીના પિતાજીએ બાપદાદાની મિલ્કત વેચી લેણદારોને રકમ ચૂકવી દીધી. તેથી તેમને સખત આઘાત લાગતા હૃદય બંધ પડી ગયું. સમય જતાં તેની માતા પણ ઈશ્વરને ઘરે પહોંચી ગયા. સાવિત્રીના પિયરમાં હવે કોઈ રહ્યું નહિ. નજીકના કોઈ સગા ન હોવાથી દૂરના સગા તેણીને હૂંફ આપવાને બદલે દૂર ભાગવા લાગ્યા. સાવિત્રીનો પતિ ઘણોજ સંસ્કારી અને સહાનુભૂતિ વાળો હતો. તેનું નામ સત્યવાન હતું. તેમનો દરિયાપાર માલ મોકલવાનો ધંધો હતો. સાવિત્રીના પરણીને આવ્યા પછી તેમનો ધંધો ખુબ જ વધી ગયો. એ જમાનામાં બે ત્રણ વર્ષમાં લાખોપતિઓમાં ગણના થવા માંડી. આથી સાવિત્રીના સાસુને ખૂબ જ અભિમાન આવી ગયું. સાવિત્રીનું માન

ઘટવા માંડયું. તેની સાસુ અને નણંદ ખુબ જ ત્રાસ, મહેણાં ટોણા મારતા હતા. સાવિત્રીને લગ્ન થયે છ વર્ષ પસાર થયા છતાં કોઈ સંતાન ન હતું. ત્રણેય નણંદ સમયાંતરે પરણી ગઈ અને સાસરે ચાલી ગઈ. છતાં પણ અવાર નવાર પિયર આવતી અને તેની માને સાવિત્રી વિરૂધ્ધ કાન ભંભેરણી કરતી. આથી સાવિત્રીની સાસુને અસર થવા માંડી. અને મોટા પુત્રને સંતાન ન થવાને કારણે બીજા લગ્ન કરવા દબાણ કરવા માંડી. ખુબ જ આનાકાની થતા, બીજી પત્નીની શોધ પણ શરુ થઈ.

સાવિત્રીની સાસુએ દૂરના એક ગામમાં અતિ ધનવાન નગરશેઠની એકની એક દીકરી માયાવતી સાથે લગ્નની ગોઠવણ કરી નાંખી. સાવિત્રીને આ વાતની ખબર પડી ત્યારે તેને પણ આઘાત લાગ્યો. તેનો પતિ ધંધાર્થે બહાર ગયો હોવાથી તેને કશી ખબર ન હતી. સત્યવાન માયાવતીથી ઉંમરમાં ઘણો મોટો હોવા છતાં શ્રીમંત હોવાથી શ્રીમંત પરિવારમાં પુત્રીને મોકલવાની ઈચ્છાથી શેઠે સહમતી આપી દીધી.

સત્યવાનની ગેરહાજરીમાં તેના બીજા લગ્નની તૈયારી સાવિત્રીની જ નજર સામે થવા લાગી. તેથી તે ચોધાર આસુંએ રડવા લાગી. તેને તેના પતિમાં અતૂટ વિશ્વાસ હતો. સાસુને પણ પોતાના દીકરાનો સાવિત્રી માટેનો અતિ પ્રેમ હોવાથી બીજા લગ્ન માટે આનાકાની કરશે તે શંકા જતા નણંદો સાથે ચર્ચા કરતા, બધાએ ભેગા મળી કાવતરું ઘડી કાઢ્યું. એક મંગળવારે દેવીમાને ચઢાવેલા ફૂલ ઘરની વહુએ નદીમાં પધરાવવા પડે એવું જણાવ્યું. સાસુએ આપેલા ફૂલ નદીમાં પધરાવવા સાવિત્રી નદી કિનારે આવેલી ઉંચી ભેખડ પર ગઈ. ચોમાસાને કારણે નદી બંને કાંઠે વહી રહી હતી અને નજીકમાં

છુપાયેલી તેની સાસુએ પાછળથી ધક્કો માર્યો. અને સાવિત્રી નદીમાં તણાઈ ગઈ, કોઈને ખબર પણ ન પડી.

થોડા સમય પછી સત્યવાન પાછો આવ્યો. આઘાતજનક સમાચાર મળતા બેહોશ થઈ ગયો. તેની માએ સમજાવવાનો પ્રયત્ન કર્યો. નદીમાં તણાઈ ગઈ હોવાથી તેની પાછળ વિલાપ કરવાનો કોઈ અર્થ નથી. એ મૃત્યુ પામી તેના થોડા દિવસ અગાઉ તે આગ્રહ કરતી હતી કે સત્યવાનને સમજાવો, બીજા લગ્ન કરી લે. જો તું ફરીથી લગ્ન નહિ કરે તો હું આત્મહત્યા કરીશ. મિત્રો અને સગાસ્નેહીઓની સમજાવટને કારણે માના દિલને શાંતિ મળે એ માટે કમને પણ સંમતિ આપી. બ્રાહ્મણોએ સાડા ચાર મહિના પછી લગ્નનું મુહૂર્ત કાઢી આપ્યું.

નદી કિનારે થોડેક દૂર એક સાદગીભર્યો સાધુનો આશ્રમ હતો. સાધુ ખુબ જ તેજસ્વી અને વિદ્વાન હતા. વહેલી સવારે સ્નાન કરવા નદીકિનારે ગયા, ત્યાં કિનારે યુવાન સ્ત્રીનો દેહ જોયો. તેમણે એ સ્ત્રીને પોતાના આશ્રમમાં લાવી તેના પેટમાંથી પાણી કાઢી અને જડીબુટ્ટીઓથી ઉપચાર કરતા તે સ્ત્રી ભાનમાં આવી. સાધુ પુરુષે કહ્યું, બેટા, તારે ગભરાવાની જરાય જરૂર નથી. તું જ્યાં કહીશ ત્યાં મારા શિષ્યો તને હેમખેમ ઘરે પહોંચાડી દેશે. સાવિત્રીએ દુઃખ સાથે પોતાની આપવીતી જણાવી. અને મને જિંદગીનો અંત આણવા દો એમ કહી ચોધાર આંસુએ રડી. સાધુ પત્નીએ વાત સાંભળ્યા પછી કહ્યું, બહેન, જિંદગીથી હારી જવાની જરૂર નથી. જિંદગીનું બીજું નામ મુશ્કેલીઓનો મહાસાગર છે. એમાં ધૈર્યથી મંથન કરવાથી મોતી મળે છે. તારા કરતાં વધારે દુઃખીઓની વાતો પણ સાંભળી છે. પણ મારી પાસે દરેક દુઃખ દૂર થઈ જાય એવી આશાપુરા માતાના વ્રતની વાત છે, તે કરવાથી માં આશાપુરા ગમે તેવી મુશ્કેલીઓ દૂર કરી શકે છે.

જુના જમાનામાં મહિષાસુર નામનો રાક્ષસ હતો. તેને બ્રહ્માજીના આર્શીવાદ હતા. તે કોઈ પુરુષથી નહિ મરે. મહિષાસુરના ત્રાસથી પરેશાન થયેલા સર્વ દેવો બ્રહ્માજી પાસે ગયા અને તેમણે મહિષાસુરના ત્રાસની વાત કરી. બ્રહ્માજીએ જણાવ્યું કે, હિમાલયમાં આદ્યશક્તિ વસે છે તે જ તમોને ત્રાસથી મુક્ત કરી શકે તેમ છે. અને બધા દેવો હિમાલય ગયા. નવ અઠવાડિયા સુધી આદ્યશક્તિની આરાધના કરતા માતાજી પ્રગટ થયા અને અંતરયામીએ જણાવ્યું કે હું તમારી મુશ્કેલી સમજી ગઈ છું અને મહિષાસુરનો કાળ નજીક આવી ગયો છે. માતાજીએ વિકરાળ સ્વરૂપ ધારણ કરી દારુણ યુદ્ધ કરતા તેના સૈનિકો કપાવા લાગ્યા. તેથી તે ગભરાઈને નાસવા લાગ્યો. આદ્યશક્તિએ તેને ઝડપી લીધો. અને વધ કરતા પહેલા તેને પૂછ્યું કે બોલ તારી છેલ્લી ઈચ્છા શું છે? મહિષાસુરે કહ્યું, મારુ જીવન તો એળે ગયું, હવે મોત પછી મારી કંઈક સારી યાદગીરી રહી જાય તો સારું. એટલે તેણે માતાજી સમક્ષ ઈચ્છા વ્યક્ત કરી કે હે માં આદ્યશક્તિ, જે સ્થળે મારો વધ થયો છે એ સ્થળની માટીમાં ભળેલી રજ એ તમારો સુગંધી ધૂપ બની રહે અને એ સ્વરૂપે હું સદાય તારી પાસે રહું. માતાજીએ તથાસ્તુઃ કહ્યું. આજે પણ આ ઐતિહાસિક સ્થળ કચ્છના માતાજીના મઢ નામના ગામમાં મોજુદ છે એવી લોક માનતા છે.

મહિષાસુરના વધ પછી આદ્યશક્તિને દેવીએ પ્રાર્થના કરી કે મંગળ આરાધના કરતા તમે મહાકાળીનું રૂપ ધારણ કરી મંગલ કાર્ય કર્યું. શરણે આવેલાને રક્ષણ આપ્યું અને તેમની આશાઓ પૂર્ણ કરી એવી જ રીતે સૌની કરજો. અને માતાજીએ ત્યાં કુંડ ઉત્પન્ન કર્યો અને મહાકાળી સ્વરૂપે તેમાં સ્નાન કરતાં અદૃશ્ય થઈ ગયા. આજે પણ આ

કુંડ ચાચર કુંડ તરીકે ઓળખાય છે જેમાં સ્નાન કરવાથી કે દર્શન કરવાથી અનેક જન્મોના પાપ દૂર થાય છે.

ગુજરાત રાજ્યના કચ્છ જીલ્લામાં લખપત તાલુકામાં માતાના મઢ તરીકે પ્રખ્યાત છે. આ સ્થળના દર્શન એ અમૂલ્ય લ્હાવો છે. જિંદગીની ગમે તેવી મુશ્કેલી કે જેનો ઉપાય શક્ય જ ન હોય તે મુશ્કેલી બ્રહ્માંડની મહાશક્તિ માઁ આશાપૂરાના સ્મરણ અને અર્ચન માત્રથી દૂર થાય છે. માટે હે સાવિત્રી તું પણ આશાપુરામાંનું વ્રત કર.

વ્રતની વિધિ સમજાવતાં સીતાદેવીએ જણાવ્યું કે આ વ્રત નવ મંગળવાર સુધી કરવાનું હોય છે. મંગળવારે વહેલા ઉઠી, નાહિ ધોઈને શુદ્ધ વસ્ત્રો ધારણ કરી બાજઠ, પાટલો કે સ્વચ્છ આસાન પાર માઁ આશાપુરાની છબી પધરાવી, પાણી રાખી, ઘીનો દીવો કરવો. પહેલા મંગળવારે એક, બીજા મંગળવારે બે એમ વધારી નવમાં મંગળવારે નવ દિવા કરવા. અને તે પ્રમાણે અગરબત્તી પણ પ્રગટાવવી. મોટું વાસણ કે કોડિયાનો ઉપયોગ કરી શકાય.

આ વ્રતની કથા કોઈ પણ કુમારિકા, સૌભાગ્યવતી સ્ત્રીને આઠ વ્રત કરતા હોય તેવા શ્રધ્ધાળુ પુરુષને સંભળાવવી. અને જો કોઈપણ ના મળે તો દિવાની સાક્ષીએ કથા કરવી. કથાના વાંચન દરમ્યાન માઁ આશાપુરા હાજર જ હોય છે. જેથી જે કાંઈ ઈચ્છા કરે તે જરૂર પુરી થાય જ છે. વ્રત કથા પુરી થયા પછી જેટલામો મંગળવાર હોય તેટલીવાર "આશાપુરા માતની જય" એમ ઉચ્ચારવું. પ્રસાદ આપતી વખતે જય આશાપુરા માઁ કહેવું. પ્રસાદમાં કાજુ, સાકર, શ્રીફળ જેવી શુધ્ધ વસ્તુ રાખવી. કથા વાંચન પછી આરતી કરવી. માતાજી સમક્ષ રાખેલું જળ ઘરની જુદી જુદી જગ્યામાં છાંટવું અને વધેલું ચરણામૃત તરીકે પી જવું અથવા અન્ય ભાવિક ભક્તોને પીવડાવવું.

ઋષિ પત્નિ સીતાદેવીની વાત સાંભળીને ખુશ થતા તેના દિલમાં નવી આશાનો સંચાર થયો. ત્યાર પછીના મંગળવારે વહેલા ઉઠી બધી જ તૈયારીઓ કરી, આજુ બાજુના ઋષિઓની કુમારિકાઓ અને સૌભાગ્યવતી સ્ત્રીઓને બોલાવી કથાનું શ્રવણ કરાવ્યું. પ્રથમ જ મંગળવારે રાત્રે માતાજીએ સ્વપ્નમાં દર્શન આપ્યા. અને જણાવ્યું કે હે પુત્રી, તું જરા પણ ચિંતા કરીશ નહિ. મારામાં શ્રદ્ધા રાખી વ્રત પૂર્ણ કરજે. બીજા મંગળવારે રાત્રે સ્વપ્નમાં તેના પતિનો મેળાપ થયો. બીજી બાજુ તેના પતિને પણ સ્વપ્નમાં આવોજ અનુભવ થયો.

નવમાં મંગળવારે તેના સાસુને સ્વપ્નમાં માતાજીએ આદેશ આપ્યો કે તારા પુત્રનું બીજું લગ્ન કરીશ નહિ, તારી વહુને શોધી લાવીને ઘરમાં માનભેર રાખજે. અને ઋષિમુનિના આશ્રમનું ઠેકાણું આપ્યું.

સાવિત્રીનો પતિ તો એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના તેની પત્નીને શોધવા નીકળી પળે છે. અને સ્વપ્નમાં જણાવ્યા પ્રમાણે આશ્રમમાં પહોંચી જાય છે. ત્યાં પહોંચતા જ તેની આંખમાં આંસુ આવે છે. વ્રત કથાની વાત સાંભળીને તેની નણંદ, આ બધી વાતો ઉપજાવી કાઢેલી અને અંધશ્રદ્ધા વાળી છે તેમ કહે છે. પરિણામમાં બધી નંણદોને જુદી મુશ્કેલીઓ આવતા છેવટે માતાજીની અને સાવિત્રીની માફી માંગે છે. અને તેઓ પણ નવ મંગળવારની વ્રત સાચા હૃદયથી, ભક્તિથી કરે છે, પરિણામે સૌ પ્રથમ હતા તેવા જ વ્યવસ્થિત થઈ જાય છે.

જેમ માઁ આશાપુરા સાવિત્રીને ફળ્યા તેમ વ્રત કરનાર, સાંભળનાર, વાંચનાર, વંચાવનાર સહુ કોઈને ફળજો.

"જય શ્રી આશાપુરા માઁ"



# ॥ આપણા સૌના જલાબાપા, જીવન દર્શન ॥



સંત અને શુરાને જન્મ આપનારી એ પવિત્ર કાઠિયાવાડની ધરતી ઉપર રાજબાઈના કુખેથી સંતના આશીર્વાદથી જન્મ લેનાર એ બાળકનું નામ રાખવામાં આવ્યું "જલો"

ધર્મપરાયણ માતા-પિતાના સંસ્કાર સિંચનથી જલો મોટો થવા માંડયો. રાજા દશરથના રાજમહેલમાં પ્રભુ શ્રીરામ નો ઉછેર થયો, રાજમહેલના વિશાળ પ્રાંગણમાં તેઓ મોટા થયા અને અહીં વીરપુર, એક નાનકડા ગામમાં જલાનો ઉછેર થયો.

**"સ્થિતિ તદ્દન ભિન્ન પરંતુ પરિસ્થિતિ અભિન્ન"**

જલાનું બાળપણ રમત ગમત માં પ્રધાન ઠક્કર, પિતાના આંગણે શરૂ થયું. માતા-પિતા પણ આનંદ થી આ બાળક નો ઉછેર કરે છે. તેમનું આ બીજું સંતાન હતું. પ્રધાન ઠક્કરને ત્રણ પુત્રો અને ત્રણ પુત્રી હતા.

જલાની ઉમર પાંચ વરસની થઇ છે. બાળસહજ રમત ગમત ની ઉમર હતી. ગામના પાદરે અન્ય બાળકો સાથે રમવા ગયા હતા. પિતાજીને ઘરે એક વૃદ્ધ સંત પધાર્યા. આંગણે આવેલા અતિથિ નો યોગ્ય આદર સત્કાર કરી પ્રધાન દંપતિએ ભોજન માટે વિનંતી કરી પણ આ સંત કોઈક વિશેષ કાર્ય માટે આવ્યા હતા.

ભોજન નહિ પરંતુ ભજન પ્રિય જલાને મળવા માટે આગ્રહ કર્યો. જલો રમવા ગયો છે, હમણાં આવશે ત્યાં સુધી ભોજનનો સ્વીકાર કરો તેવી પ્રધાન દંપતીની વિનંતીનો પણ અસ્વીકાર કરી જલાની

રાહ જોતા બેસી રહ્યા.

જલો આવ્યો, સંતના ચરણોમાં પ્રણામ કર્યા. પાંચ વર્ષની જે ઉંમરે બાળકોમાં નિર્દોષ રમત હોય, ભોળપણ હોય, રમતિયાળપણું હોય તે ઉંમરે સાધુસંતોને, વડીલોને પ્રણામ કરી આશીર્વાદ લેવાના હોય તેવા સંસ્કાર જલાના હૈયામાં તે ઉંમરે હતા.

સંતે આશીર્વાદ આપ્યા "જય સીતારામ" કહી આંખ સામેથી અદ્રશ્ય થઇ ગયા. માતા-પિતાના આશ્ચર્ય સાથે આનંદનો પાર ન રહ્યો. સંતના આશીર્વાદ થી જન્મેલા આ પુત્રને ભાવવિભોર થઇ નિહાળી રહ્યા અને સંતને મનોમન પ્રણામ કરી ઈશ્વરનો આભાર માનવા લાગ્યા. પણ સામે ઉભેલા જલારામના મનમાં તો રામનામની જ્યોત પ્રકટી. પ્રભુશ્રી રામના દર્શનનો ભાવ થયો અને એ જ્યોતમાં કૈંક અલગ સૃષ્ટિના, અલગ ગામના દર્શન થયા.

ચાલો આપણે પણ એ અલૌકિક જ્યોતમાં થયેલી અલગ સૃષ્ટિ ના દર્શનનો આભાસ કરીએ.

"કેટલાક લોકો નસીબ જેવા હોય છે જે આશીર્વાદથી મળે છે પણ કેટલાક લોકો આશીર્વાદ જેવા જ હોય છે જે મળવાથી નસીબ જ બદલી નાખે છે."

સૌરાષ્ટ્રના વાંકાનેર રાજનું એક ગામ, નામ મેસરીયા; તેમાં રબારીની એક કોમ, નામ સામાડ કોમ, તેનું એક કુટુંબ જેમાં પાંચ ભાઈઓ હતા. તેમાં સૌથી નાનો ભાઈ, નામે જાલો અને તેની પત્નીનું નામ રૂપા. ઘેટાં બકરા ચરાવવા અને ઘેટાની ઉન કપાય ત્યારે ઊનમાંથી ધાબળા બનાવવા. આ તેમનું કાર્ય. આ જાલો અને

રૂપા સંસ્કારી જીવડા. પ્રભુનું નામ અને ભજન તેમના દિન કાર્ય માં વણાઈ ગયા હતા.

આ મેસરીયા ગામથી ચાર-પાંચ માઈલ છેટે એક ગામ, નામ મોલડી. આ મોલડી ગામમાં જોગંદર જેવા એક સદ્‌પુરુષ, નામ આપા હતું. તેમના ઘરે કાયમ સાધુ સંતોની અવર જવર રહેતી. દિવસે સાધુ સંતોની સેવા અને ભોજન અને રાત પડે ભજન મંડળી સાથે ભજનની રમઝટ. ભોજન અને ભજન નો અનોખો સંયોગ.

આ આપા રતાના નામની કીર્તિ સાંભળી એક દિવસ જાલો અને રૂપા તેમના દર્શનાર્થે મોલડી પહોંચ્યા અને જેમ પારસમણિ લોખંડ ને સ્પર્શે અને સુવર્ણ બની જાય તેમ જાલો અને રૂપાના જીવનનું પણ પરિવર્તન થઇ ગયું.

દિવસે ઘેટાં-બકરાની સંભાળ અને રાત પડે આ સંસારની જંજાળમાંથી છૂટી આપા રતાના રામનામના પ્રેમબંધનમાં બંધન.

સમય વીતતો ગયો. જલાના હૈયામાં સાધુ સંતોની સેવાની હામ વધતી ચાલી અને રૂપાના કંઠેથી સુમધુર ભજનોની હેલી વધતી ચાલી.

જાલાના ભાઈઓને આ ગમતું ન હતું અને એક દિવસ આ ગુસ્સો જાલા અને રૂપા ઉપર ઉતર્યો. દિવસભર ઘેટાં બકરાની સંભાળ અને રાત પડે રામનામના ભજનના ઉજાગરા. ઘેટાં બકરા ચરાવતા ચરાવતા બંનેની આંખો ઘેરાવવા માંડી અને ઝોકે ચઢ્યા. ભાઈએ આવી લાત મારી જગાડયા અને ફરી મોલડી ગામે ન જવાની તાકીદ કરી આદેશ આપ્યો. બંને દંપતિની આંખોમાંથી અશ્રુધારા

વહેવા માંડી અને પ્રભુને યોગ્ય માર્ગ બતાવવાની વિનંતી કરી ઘરે આવ્યા.

સમય વીતે છે, જાલા અને રૂપાની એ ભક્તિ અને ભજન અવિરતપણે ચાલુ જ રહે છે.

**જીવનમાં જે કઈ કરો, પૂર્ણ સમર્પણ સાથે કરો, પ્રેમ કરો તો મીરા જેવો અને પ્રતીક્ષા કરો તો શબરી જેવી. ભક્તિ કરો તો હનુમાન જેવી અને શિષ્ય બનો તો અર્જુન જેવા.**

શ્રી રામ ભક્તિ અને ભજન, જાલા અને રૂપામાં પૂર્ણ પણે વણાઈ ગયા હતા. અને એક દિવસ આ કાર્યનો ગુસ્સો તેમના ભાઈ દ્વારા એક નિર્દોષ વ્યક્તિ ઉપર ઉતર્યો. જાલા ની ભાળ પૂછતાં યોગ્ય જવાબ ન મળતા તેમના ભાઈના હાથે એ વ્યક્તિની હત્યા થઇ ગઈ.

**"ક્રોધ હંમેશા બે ધારી તલવાર જેવો હોય છે. પ્રથમ સામેની વ્યક્તિને ઘાયલ કરે છે અને તે ક્રોધ શાંત થતા તે ક્રોધિત વ્યક્તિને પણ જરૂર ઘાયલ કરે છે."**

પોતાના કારણે થયેલી એ બ્રહ્મહત્યા ના પ્રાયશ્ચિત રૂપે જાલો અને રૂપા જીવતા સમાધિ લેવાનું નક્કી કરે છે. ઘણી સમજાવટ છતાં પણ એ દંપતિ પોતાના નિર્ણય ઉપર અડગ રહે છે. આ જીવનમાં પ્રભુનું રામનામ, પ્રભુ ભજન અને સાધુ સંતોની સેવા કરવાના ઓરતા, અરમાન પુરા ન થયા તેનો વસવસો તેમના મનમાં છે. પરંતુ તેમાં પણ પ્રભુની ઈચ્છા માની બીજા જન્મમાં તે પુરી થશે તેવી આશા મનમાં રાખી છે.

યોગ્ય સમયે મેસરીયા ગામમાં સમાધિની તૈયારી કરી. જાલાના મુખ ઉપર અનોખું તેજ અને પ્રતિભા છે, ભાલે ચંદન ના તિલક કર્યા છે, રૂપાબા એ કપાળે મોડિયો અને લીલી ચૂંદડી ઓઢી છે, કપાળે સૌભાગ્યવતિ રૂપે ચાંદલા કર્યા છે અને વાતાવરણમાં અબીલ ગુલાલ ઉડી રહ્યા છે. ઢોલ, નગારા, ત્રાંસા અને મંજીરા વાગી રહ્યા છે. ભજનોની રમઝટ થઇ રહી છે. એક દિવ્ય વાતાવરણ ઉભું થઇ ગયું છે. ગામ લોકો આ દંપતીના છેલ્લી વારના દર્શન કરી ધન્યતા અનુભવી રહ્યા છે.

દંપતિ એ છેલ્લીવારના રામરામ કરી આશીર્વાદની ધન્યતા અનુભવી. "સિયાવર રામચંદ્ર કી જય" ના પોકાર સાથે સમાધિમાં પલાંઠી વાળી બેસી ગયા છે. ગામલોકોની આંખો માંથી અશ્રુધારા વહી રહી છે. વાતાવરણમાં ગમગીની પ્રસરી ગઈ અને સમાધિનો ખાડો પુરવામાં આવ્યો અને કાઠિયાવાડની એ પવિત્ર ધરતી એ જેમ સીતામાને ધરતીમાં સમાવી લીધા હતા તેમ એ જાલા અને રૂપાને પોતાનામાં સમાવી લીધા.

આ સમગ્ર બનાવને પાંચ વર્ષના જલાને એ રામનામની જ્યોતમાં જાણે દ્રષ્ટિમાન થયું, કૈંક અદભુત અનુભૂતિ થઇ, એ ઇશારાને સમજી ગયા કે એ જાલા અને રૂપાના અધૂરા કાર્ય પૂર્ણ કરવા પ્રતિ શ્રી રામના આશીર્વાદથી મારો જન્મ થયો છે અને જલાને પૂર્વ જન્મના દર્શનનું જ્ઞાન થયું.

**“શ્રી જલારામબાપાના પૂર્વ જન્મના જ્ઞાન પ્રાગટ્ય ની જય હો"**

# જલારામ કૃપા

પૂજ્ય બાપા પર મને અખૂટ શ્રધ્ધા અને વિશ્વાસ છે. મેં મારા પતિ માટે માનતા માની હતી કે તેમને એક સરસ જોબ મળશે તો હું પરચો છપાવીશ. તેમની કૃપાથી તેમને સરસ જોબ મળી ગઇ છે. પૂજ્ય બાપાને અમારા ખૂબ ખૂબ વંદન.

પૂજ્ય જલારામબાપાની કૃપાથી મારા ભાઈ તથા પરિવારને કોરોના થઇ ગયો હતો પણ બાપાની કૃપાથી તેમને સારું થઇ ગયું છે.

મારા દીકરાનું લાયસન્સ જતું રહેશે તેવી બીક હતી પણ જલારામબાપાને પ્રાર્થના કરી અને તેમની કૃપાથી લાયસન્સ ના ગયું. બાપા હાજર હજુર છે.

જય જલારામ, જલારામબાપાની અસીમ કૃપાથી મારી તબિયત સારી થઇ ગઈ અને મારી ઈચ્છા પુરી થઇ.

શિકાગો થી મયુરીબેન ગાંધી લખે છે કે મારી દીકરી અને જમાઈ વચ્ચે અણસમજ ના કારણે બંને વચ્ચે થોડો પ્રોબ્લેમ હતો.

મેં જલારામબાપાની માનતા માની હતી કે મારા દીકરી જમાઈ વચ્ચે સમાધાન થઇ જાય ને બંને જણ સારી રીતે રહે અને ખરેખર પૂજ્ય જલારામબાપાએ મારી પ્રાર્થના સ્વીકારી અને તેમના આશીર્વાદથી ઘણું સારું થઇ ગયું. ખરેખર બાપા હાજર હજુર છે. અમારા નાના મોટા દરેક કામ સારી રીતે પાર પાડે છે. પૂજ્ય જલારામબાપાને કોટી કોટી વંદન.

મને શરીર ઉપર ખુબજ ખંજવાળ આવતી હતી, મેં પૂજ્ય બાપાનો પરચો છપાવવાની બાધા રાખી અને હવે તેમની કૃપાથી ખુબજ સારું

થઇ ગયું અને મારુ દુઃખ ટળી ગયું.

જલારામબાપાની કૃપા અપરંપાર છે. મને ૧૯૯૮ માં લાગ્યું હતું કે મને કેન્સર છે. તેથી મેં જલારામબાપાની માનતા રાખી હતી અને રિપોર્ટ નોર્મલ આવ્યો હતો. અત્યારે ફરીથી મને ડોકટરે કહ્યું કે તમોને કેન્સર છે. તો તમારે બાયોપ્સી કરાવવી પડશે. અમે બાયોપ્સી કરાવી અને ફરીથી જલારામબાપાની માનતા રાખી. હવે મારો રિપોર્ટ નોર્મલ આવ્યો છે. બાપાની કૃપા અપરંપાર છે.

સ્મિતાબેનના જય જલારામ

**તા.ક.**

આપને જો કોઇ સ્વાનુભાવ (પરચો) થયો હોય તો જરૂરથી લખીને મોકલશો. સમય અને જગ્યાની અનુકુળતાએ જલારામ દર્પણમાં જરૂરથી છાપવામાં આવશે.

## || જલારામ દર્પણ ભેટ યોજના ||

**આપની ભેટ બદલ શ્રી જલારામ મંદિર આપનો હાર્દિક આભાર વ્યક્ત કરે છે અને બાપાના ચરણોમાં પ્રાર્થના કરે છે કે સર્વેને તન, મન અને ધનથી સુખી કરે અને આવી સેવા કરવાની પ્રેરણા હંમેશા આપતા રહે.**

| | |
|---|---|
| વિમલ / ભૂમિકા | $ ૫૧:૦૦ |
| રંજન / વિનોદભાઈ | $ ૧૦૧:૦૦ |
| રંજન / વિનોદભાઈ | $ ૧૦૧:૦૦ |
| જલ્પા પટેલ | $ ૧૦૧:૦૦ |
| ચાંદની ઠક્કર | $ ૨૧:૦૦ |

# Shree Jalaram Mandir

Registered Not for Profit Corporation with IRS, FEIN 61-1516244
425 Illinois Blvd., Hoffman Estates, IL 60169 Ph: 847-490-JALA (5252) www.ShreeJalaramMandir.org



**KINDLY JOIN US**
**To Celebrate..**

# Krishna Janmashtmi 2021

**Mon, August 30th, 2021**
**9:30 pm onwards**

**Yajman Seva: $101**
Bakul: (847) 951-9509 Rajendra: (847) 942-1440

**Mask and Social Distancing guidelines must be followed strictly.**

SHREE JALARAM MANDIR
425 Illinois Blvd.
Hoffman Estates, IL 60169
Ph: 847-490-JALA (5252)
www.shreejalarammandir.org

Non-Profit Org.
U.S. Postage
PAID
Schaumburg, IL
Permit No. 183

To,